RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 110 * Date: 11.2.2026,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ઈરાન સાથે દુશ્મનાવટ મામલે ઈઝરાયલે હવે અમેરિકાને જ આપી ધમકી! કહ્યું- અમે એકલા હાથે કરીશું હુમલો



ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સતત વધી રહેલા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે. અમેરિકા દ્વારા ઈરાનને વારંવાર લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપવામાં આવી રહી છે, જે દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વોશિંગ્ટનની મુલાકાતે જઈ રહ્યા છે. ઈઝરાયલે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ઈરાન તેની બેલિસ્ટિક મિસાઈલની નિર્ધારિત 'રેડ લાઈન' ઓળંગશે, તો ઈઝરાયલ અમેરિકાની મદદ વગર પણ એકલે હાથે તેહરાન પર સૈન્ય હુમલો કરી શકે છે. ઈઝરાયલના રક્ષા અધિકારીઓનું માનવું છે કે ઈરાનનો આક્રમક મિસાઈલ કાર્યક્રમ તેમના અસ્તિત્વ માટે મોટો ખતરો છે, તેથી તેઓ કોઈપણ સંજોગોમાં પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરવા તૈયાર નથી.

ઈઝરાયલને એવી ચિંતા સતાવી રહી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કદાચ ઈરાન પર માત્ર મર્યાદિત લશ્કરી કાર્યવાહીનો વિકલ્પ પસંદ કરી શકે છે, જે રીતે યમનમાં હુતી બળવાખોરો સામે કરવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે જો અમેરિકા માત્ર જૂજ ટાર્ગેટ પર હુમલો કરીને સંતોષ માની લેશે, તો ઈરાનની મુખ્ય સૈન્ય અને મિસાઈલ ક્ષમતા સુરક્ષિત રહેશે અને તેનો ભોગ અંતે ઈઝરાયલને બનવું પડશે. આ ગંભીર ચર્ચાઓ વચ્ચે ઈઝરાયલની વાયુસેનાના ભાવિ કમાન્ડર બ્રિગેડિયર જનરલ ઓમર ટિશલર પણ નેતન્યાહુ સાથે અમેરિકા જશે, જે આક્રમક રણનીતિના સંકેત આપે છે.બીજી તરફ, ઓમાનમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાતચીતમાં કોઈ નક્કર પરિણામ આવતું દેખાતું નથી. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ સ્પષ્ટ કર્યું છે કે તેહરાન બેલિસ્ટિક મિસાઈલો અથવા તેમના પ્રાદેશિક સંગઠનો(પ્રોક્સી ગ્રૂપ્સ) મુદ્દે કોઈ ચર્ચા કરશે નહીં. ઈરાને પોતાના પરમાણુ પ્રોજેક્ટને કાયમી ધોરણે બંધ કરવાની માંગ પણ ફગાવી દીધી છે. આ તણાવ વચ્ચે ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનેઈએ જનતાને સંબોધતા કહ્યું છે કે, 'રાષ્ટ્રની સાચી તાકાત માત્ર મિસાઈલોમાં જ નહીં, પરંતુ દુશ્મનને જડબાતોડ જવાબ આપવાના મક્કમ નિર્ધારમાં છે.' બુધવારે ઈરાનમાં ઈસ્લામિક ક્રાંતિની ઉજવણી માટે રેલીઓ યોજાવાની છે, જેની પૂર્વસંધ્યાએ આ નિવેદન પશ્ચિમના દેશો માટે મોટો પડકાર માનવામાં આવે છે.

## મની લોન્ડરિંગ કેસમાં ટીના અંબાણીની મુશ્કેલી વધી



રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીના પત્ની ટીના અંબાણીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. મની લોન્ડરિંગના એક કેસમાં પૂછપરછ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડ્ઢ) ટૂંક સમયમાં જ તેમને નવું સમન્સ જારી કરશે. અગાઉ એજન્સીએ સોમવારે તેમને હાજર થવા જણાવ્યું હતું, પરંતુ તેઓ હાજર ન રહેતા હવે એજન્સી તેમને ફરીથી પૂછપરછ માટે બોલાવશે.

આ સમગ્ર મામલો અમેરિકાના ન્યૂયોર્ક સ્થિત મેનહેટનમાં એક આલીશાન પ્રોપર્ટી (લક્ઝરી કોન્ડોમિનિયમ)ની ખરીદી અને તેની સાથે જોડાયેલા નાણાકીય વ્યવહારો એટલે કે મની ટ્રેલ સાથે સંકળાયેલો હોવાનું મનાય છે.આ તપાસના ભાગરૂપે ઈડ્ઢએ તાજેતરમાં જ 'રિલાયન્સ કોમ્યુનિકેશન'(ઈર્ઝ્દ્બ)ના પૂર્વ પ્રેસિડન્ટ પુનીત ગર્ગની ધરપકડ કરી હતી અને તેમની પૂછપરછ પણ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ(છડ્ઢછય) વિરુદ્ધ કથિત બેન્ક છેતરપિંડી અને નાણાકીય ગેરરીતિઓના અનેક કેસોની તપાસ કરવા માટે ઈડ્ઢએ તાજેતરમાં એક વિશેષ તપાસ ટીમ(SIT)ની પણ રચના કરી છે.



## તંત્રી લેખ......

# ૨૦૩૦ સુધીમાં ચોકલેટ બજાર આશરે ૩.૫૮ બિલિયન ડોલર સુધી પહોંચશે

અમદાવાદ : વેલેન્ટાઇન વીક દરમિયાન દર વર્ષે ૯ ફેબ્રુઆરીએ ઉજવાતો ચોકલેટ ડે ફક્ત પ્રેમને જ નહીં, પરંતુ તે ભારતમાં ઝડપથી વિકસતા ચોકલેટ વ્યવસાયને પણ પ્રતિબિંબિત કરે છે. આજે, ચોકલેટની માંગ ઝડપથી યુવાનો, વ્યાવસાયિકો અને અન્ય વ્યક્તિઓમાં ફેલાઈ ગઈ છે.ભારતમાં ચોકલેટ ઉદ્યોગ હવે તેના બાળપણથી વિકાસના તબક્કામાં આગળ વધી ગયો છે. માર્કેટ રિસર્ચ કંપની મોર્ડોર ઈન્ટેલિજન્સના અહેવાલ મુજબ, ૨૦૩૦ સુધીમાં ચોકલેટ બજાર આશરે ૩.૫૮ બિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે. આનો અર્થ એ છે કે આગામી વર્ષોમાં આ ઉદ્યોગ આશરે ૭.૬ ટકાના વાર્ષિક દરે વધવાની ધારણા છે. તહેવારો અને વેલેન્ટાઇન ડે આ વૃદ્ધિ પાછળના એકમાત્ર કારણો નથી; લોકોની જીવનશૈલી, ખાવાની આદતો અને ડિજિટલ શોપિંગમાં પરિવર્તન પણ ક્ષેત્રે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

હવે લોકો માત્ર સસ્તી મીઠી ચોકલેટ તરફ જ નહી, પણ પ્રીમિયમ અને ડાર્ક ચોકલેટ તરફ પણ આકર્ષાઈ રહ્યા છે. ખાસ કરીને, એવા ગ્રાહકોની સંખ્યા વધી રહી છે જે ચોકલેટને સ્વાદ અને સ્વાસ્થ્ય બંને માટે જુએ છે. ઓછી ખાંડ, ઉચ્ચ કોકો અને ખાંડ-મુક્ત ચોકલેટની માંગ સતત વધી રહી છે. ડાર્ક ચોકલેટ તણાવ ઘટાડવા, હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો અને ઉર્જામાં વધારો સાથે પણ જોડાયેલી છે.

# વડોદરામાં અલકાપુરી ગરનાળામાં પોલીસ બસ ફસાતા બંને તરફ ભારે ટ્રાફિક જામ



વડોદરાના અલકાપુરીથી રેલવે સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કિટ હાઉસ જવાના રસ્તે રેલ્વે ગરનાળામાં પોલીસ બસ ફસાઈ જતા અલકાપુરી અને સયાજીગંજ વિસ્તારમાં ભારે ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા.

ઉલ્લેખનિય છે કે, અલકાપુરીથી સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કીટ હાઉસ તરફ જવાના રેલવે ગરનાળાની ઊંચાઈ ઓછી હોવાને કારણે પોલીસ બસનો ઉપરનો ભાગ છત સાથે અથડાયો હતો અને બસ અધવચ્ચે જ અટકી ગઈ હતી. આ ઘટનાને પગલે રેલ્વે સ્ટેશનથી સયાજીગંજ અને અલકાપુરી તરફ જતા માર્ગો પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બસ ફસાઈ જવાથી રસ્તો બ્લોક થઈ ગયો હતો, જેના કારણે ટુ-વ્હીલર અને અન્ય વાહનોની લાંબી કતારો લાગી હતી. ખાસ કરીને ટ્રેન પકડવા જઈ રહેલા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા.

ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બસના ટાયરમાંથી હવા ઓછી કરીને અથવા ક્રેનની મદદથી બસને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંદાજે એક કલાકની ભારે જહેમત બાદ વાહનવ્યવહાર ધીમે-ધીમે પૂર્વવત થયો હતો.

# અમદાવાદમાં આજે સાંજથી આવતીકાલે પાણી કાપ, આ વિસ્તારોમાં થશે સૌથી વધુ અસર




અમદાવાદ શહેરના પૂર્વ અને પશ્ચિમના અનેક વિસ્તારોમાં બુધવારે (૧૧મી ફેબ્રુઆરી) પાણીનો પુરવઠો ખોરવાવાની શક્યતા છે. કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે તાત્કાલિક મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી પ્લાન્ટને ૮ કલાક માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ શટડાઉનને કારણે શહેરના ૧૫થી વધુ વિસ્તારોમાં પાણીનો જથ્થો પૂરતા પ્રમાણમાં મળી શકશે નહીં, જેના કારણે નાગરિકોએ પાણીની તંગીનો સામનો કરવો પડી શકે છે.પ્લાન્ટની જાળવણી માટે આજે (૧૦મી ફેબ્રુઆરી) સાંજે ૪ વાગ્યા સુધી કામગીરી ચાલવાની હોવાથી તેની સીધી અસર બુધવારે સવારના પાણી વિતરણ પર જોવા મળશે. આજે સવારનો પાણીનો જથ્થો આપ્યા બાદ સિસ્ટમ બંધ કરવામાં આવી હોવાથી લાઈનોમાં પાણીનું દબાણ ઘટશે. આ પરિસ્થિતિને જોતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જણાવાયું છે કે ૧૧મી ફેબ્રુઆરીના રોજ સવારે પાણી અત્યંત ઓછા પ્રેશરથી આવશે. જોકે, આ સમારકામ પૂર્ણ થયા બાદ બુધવારથી સમગ્ર શહેરમાં રાબેતા મુજબ અને પૂરતા દબાણથી પાણી પૂરું પાડવામાં આવશે.વિગતવાર વિસ્તારોની વાત કરીએ તો, કોતરપુર પ્લાન્ટ પર નિર્ભર એવા પૂર્વ અમદાવાદના નરોડા, સરદારનગર, બાપુનગર, ઠક્કરબાપાનગર, નિકોલ અને નારોલ સુધીના વિસ્તારોમાં અસર થશે. આ ઉપરાંત ઓઢવ, વિરાટનગર, સૈજપુર અને મધ્ય શહેરના શાહીબાગ, અસારવા, શાહપુર, દરિયાપુર, જમાલપુર તથા ખાડિયામાં પણ પાણીની સમસ્યા રહેશે. ઉત્તર અમદાવાદના મોટેરા, ચાંદખેડા, સાબરમતી અને સ્ટેડિયમ જેવા

# વડોદરામાં અલકાપુરી ગરનાળામાં પોલીસ બસ ફસાતા બંને તરફ ભારે ટ્રાફિક જામ



વડોદરાના અલકાપુરીથી રેલવે સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કિટ હાઉસ જવાના રસ્તે રેલ્વે ગરનાળામાં પોલીસ બસ ફસાઈ જતા અલકાપુરી અને સયાજીગંજ વિસ્તારમાં ભારે ટ્રાફિકના દ્રશ્યો સર્જાયા હતા.

ઉલ્લેખનિય છે કે, અલકાપુરીથી સ્ટેશન તરફ અને સયાજીગંજથી સર્કીટ હાઉસ તરફ જવાના રેલવે ગરનાળાની ઊંચાઈ ઓછી હોવાને કારણે પોલીસ બસનો ઉપરનો ભાગ છત સાથે અથડાયો હતો અને બસ અધવચ્ચે જ અટકી ગઈ હતી. આ ઘટનાને પગલે રેલ્વે સ્ટેશનથી સયાજીગંજ અને અલકાપુરી તરફ જતા માર્ગો પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બસ ફસાઈ જવાથી રસ્તો બ્લોક થઈ ગયો હતો, જેના કારણે ટુ-વ્હીલર અને અન્ય વાહનોની લાંબી કતારો લાગી હતી. ખાસ કરીને ટ્રેન પકડવા જઈ રહેલા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા.

ઘટનાની જાણ થતા જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. બસના ટાયરમાંથી હવા ઓછી કરીને અથવા ક્રેનની મદદથી બસને બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અંદાજે એક કલાકની ભારે જહેમત બાદ વાહનવ્યવહાર ધીમે-ધીમે પૂર્વવત થયો હતા

# જામનગરમાં કરોડોની સરકારી જમીન પચાવી પાડવાનું મસમોટું કૌભાંડ, લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ૩ શખસોની ધરપકડ



જામનગરમાં ભૂમાફિયાઓ પર તંત્રએ લાલ આંખ કરી છે. રણજીત સાગર રોડ પર આવેલી કરોડોની કિંમતની સરકારી ખરાબાની જમીન પચાવી પાડી, તેના ખોટા નકશા બનાવી પ્લોટ વેચી નાખવાના કૌભાંડમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ૬ શખસો સામે ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસે ૩ આરોપીઓની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર, રણજીત સાગર રોડ પર આવેલી અંદાજે ૮,૫૮૬ ચોરસ મીટર સરકારી જમીન પચાવી પાડવામાં આવી હતી. પચાવી પાડવામાં આવેલી આ જમીનની હાલની બજાર કિંમત આશરે ૨.૮૦ કરોડ રૂપિયા થવા જાય છે. આરોપીઓએ આ સરકારી જમીન પોતાની માલિકીની હોવાનું દર્શાવવા ખોટા નકશા અને બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. ત્યારબાદ જમીનમાં કુલ ૬૬ પ્લોટ પાડીને ગ્રાહકોને વેચી મારી આર્થિક લાભ મેળવ્યો હતો.

જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી લેન્ડ ગ્રેબિંગ કમિટીના આદેશ બાદ સીટી એ-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. તપાસનીશ અધિકારી ફઅજી જે.એન. ઝાલા અને તેમની ટીમે તપાસનો ધમધમાટ તેજ કરી જગદીશ ચોવટિયા, રાજેશ મારુ અને યજ્ઞેશ રાણપરિયાને ઝડપી લીધા છેઆ કેસમાં અન્ય ત્રણ મુખ્ય આરોપીઓ મનસુખ રતીલાલ ભટ્ટી, આમદ ખફી, અને નુરમામદ ઉર્ફે ખોડુ ચાવડા હજુ પોલીસ પકડથી દૂર છે. પોલીસે આ ત્રણેયની અટકાયત કરવા માટે અલગ-અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં આ કૌભાંડમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને કેટલા નિર્દોષ લોકોએ પ્લોટ ખરીદીને છેતરાયા છે તેની વિગતો પણ બહાર આવવાની શક્યતા છે.

# વડોદરામાં સંગમ ચાર રસ્તાથી વોર્ડ ૪ના મુખ્ય માર્ગેથી હંગામી દબાણોનો સફાયો : ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે




ટ્રાફિકથી ધમધમતા સંગમ ચાર રસ્તા વિસ્તારથી વોર્ડ નં. ૪ના જાહેર રોડ રસ્તાના હંગામી દબાણોના સફાયાના કારણે રોડ રસ્તા પર ઠેર ઠેર ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. જોકે સ્થાનિક પોલીસ કાફલાએ તમાશો જોવા એકત્ર થયેલા ટોળાને સમજાવટથી દૂર કર્યા હતા. દબાણ શાખાની ટીમે કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સંગમ ચાર રસ્તા વિસ્તારમાં ખાણી પીણી સહિત ચા પાણીની લારીઓ તથા લારી ગલ્લા પથારાવાળાઓના કારણે રોડ રસ્તા સાંકડા થઈ જવાથી વાહનચાલકોમાં સતત અકસ્માતનો ભય રહ્યા કરતો હોય છે. જેથી પાલિકા તંત્રની દબાણ શાખાની ટીમ સંગમ ચાર રસ્તા વિસ્તારમાં આજે ત્રાટકી હતી. પરિણામે લારી ગલ્લા પથારાવાળાઓમાં ભાગદોડ મચી હતી. આમ છતાં પણ દબાણ શાખાની ટીમે કેટલીક લારીઓ સહિત ગલ્લા તથા અન્ય માલ સામાન કબજે કરવાની કાર્યવાહી કરી હતી. ત્યારબાદ ટીમ વોર્ડ નં. ૪ના જાહેર રોડ રસ્તા પર પહોંચી હતી. જ્યાંથી પણ ગેરકાયદે દબાણોનો સફાયો કર્યો હતો આ કામગીરીમાં આસિ. મ્યુનિ. કમિશનર તુવેર, વોર્ડ ઓફિસર સહિત દબાણ શાખાની ટીમને એસઆરપી અને સ્થાનિક પોલીસ તંત્રનો કાફલો મદદમાં જોડાયો હતો. કામગીરી દરમિયાન કુલ ત્રણ ટ્રક જેટલો માલ સામાન કબજે

# જામનગર પાલિકાની એસ્ટેટ શાખા દ્વારા બર્ધન ચોક વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ : અડધો ડઝનથી વધુ કાઉન્ટર-રેંકડી-કેબિન કબજે કરાયા




જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દરબાર ગઢથી બર્ધનચોક-માંડવી ટાવર સુધીના માર્ગ પરથી વાહનવ્યવહાર અને રાહદારીઓને અડચણરૂપ રેકડી, કેબિન, પથારા, ટેબલ વગેરે દૂર કરવાની કાર્યવાહી અવિરત ચાલુ રાખવામાં આવી છે.

ગઈકાલે જામનગરના દરબારગઢ સર્કલ, બર્ધનચોક સહિતના વિસ્તારમાં સિટી એ. ડિવિઝનના પી.આઈ.ની આગેવાનીમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી, અને અડધો ડઝનથી વધુ રેકડી, કેબીનો વગેરે કબજે કરી લઈ મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. મહાનગરપાલિકાના તંત્ર અને પોલીસ વિભાગની આ કાર્યવાહીને લઈને બર્ધન ચોક વિસ્તારમાં થોડો સમય માટે ધંધાર્થીઓમાં દોડધામ થઈ હતી.આ ઉપરાંત જામનગરના રણજીત સાગર રોડ સહિતના અન્ય વિસ્તારોમાં મહાનગરપાલિકાના સ્ટ્રીટ લાઈટના પોલ ઉપર કિયોસ્ક બોર્ડ વગેરે મંજૂરી વિના લગાવાયેલા હતા, તેને ઉતારવા માટેની પણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેના ભાગરૂપે છેલ્લા ૩ દિવસના સમયગાળા દરમિયાન ૪૦૦ થી વધુ ઉતારી લેવામાં આવ્યા છે, અને જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દેવાયા છે. મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમ શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ તેમજ ગેરકાયદે હૉર્ડિંગ, કિયોસ્ક બોર્ડ વગેરે ઉતારવાની કામગીરી પણ અવિરત ચાલુ રખાઈ છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 184**
વિષય :-મહાશિવરાત્રી
શીર્ષક :-શિવપરખ
પ્રકાર :-પધ - શબ્દ :-૯૬

ત્રિનેત્રધારી મહાકાલ શિવજી, દેવોના દેવ મહાકાલ શિવજી;
ત્રિદેવ છે ભગવાન શિવજી, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ શિવજી.

દુનિયાના સર્જનહાર શિવજી, પાલનહાર મહાદેવ શિવજી;
જરૂર પડે તો વિનાશક શિવજી, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ શિવજી.

ઓમકાર સ્વરૂપ ધરાવે શિવજી, ત્રિશૂળ ધારણ કરે છે શિવજી;
આદિ અને અનંત પણ શિવજી, સર્વજ્ઞ ને શક્તિશાળી શિવજી.

વિશ્વના હિતકર્તા છે શિવજી, દયાનો અખૂટ ભંડાર શિવજી;
ભક્તો માટે શુભ છે શિવજી, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ શિવજી.

ભોળા ભોળાનાથ ભોળા શિવજી, ડમરુ વગાડતા શિવજી;
નંદી ને નાગના ધારક શિવજી, શિવલિંગના સ્વામી શિવજી.

મહાદેવ નામે પોકારાય શિવજી, જટાધારી જોરાવર શંકર શિવજી
ભોળા દેવાધિદેવ મહાદેવ શિવજી, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ શિવજી.

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'
નારદીપુર-અમદાવાદ
★★★★★★★

**NOGGS:226**
વિષય:- મહાશિવરાત્રી
શીર્ષક :- મહાશિવરાત્રી
રચના:- પદ્ય અક્ષરો:-૬૪

જાગી સમગ્ર રાત્રી શિવમાં મન લીન છે
આખરે અંધકાર તૂટે જ્યાં શિવરાત્રી છે

જ્યાં મૌન બની આત્મા શિવને પામે છે
આત્મા જાગતો ભક્તિમય શિવરાત્રી છે

અહંકાર છોડેને જે શિવ શરણે જાય છે
સૌના દિલમાં ઉજાસ લાવે શિવરાત્રી છે

વ્રત જપ તપથી કરે મન પવિત્ર થાય છે
આખર કર્મના બંધન તોડે શિવરાત્રી છે

એક રાત્રીમાં તો જીવન બદલી જાય છે
શિવતત્ત્વનો સંદેશો આપે શિવરાત્રી છે

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'(અમેરિકા)
★★★★★★

**NOG SS NO 167**
વિષય:"મહાશિવરાત્રી"
શિર્ષક:"ભોલા તારું ડમરું"
પ્રકાર:પદ્ય શબ્દો:૬૮

જ્યારે ભોલા તારું, ડમરું ડમડમ વાગે,
લોકોના મનભાવો જાગે, દિલથી નાચે.

જન કાજે તે કંઠે, હળાહળ ધારણ કીધું,
ૐકારે બ્રહ્મમાં, શિવ શિવનાં નાદો જાગે.

તારું તાંડવ, અગ્નિ જ્વાળા, ધરતી ધ્રૂજે,
સૌ દાનવ, ત્રાહિ ત્રાહિ થઈને તો ભાગે.

આપ્યુ છે તે તો, જગને રક્ષણ જીવતરનું,
મંદિર મંદિર ફરતો હું તો, જ્યાં ત્યાં ભાસે.

ભૂતોની ટોળી સંગે, વસવું સ્મશાને,
જન જીવનમાં, ભોલા તું તો વસતો લાગે.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)
★★★★★★

**NOG SS NO 224**
વિષય :-મહાશિવરાત્રી
શીર્ષક :-શિવપ્રીત
પ્રકાર :- પધ -શબ્દ :-૯૬

ત્રિપુરાન્તકારી મહાદેવ શિવજી, નિરાકાર ને મહા તપસ્વી શિવજી;
નિર્મળ પવિત્ર ને અતિ શુદ્ધ શિવજી, સિદ્ધોમાં શ્રેષ્ઠ સિદ્ધ દેવ શિવજી.

કાળ ને મહાકાળ છે શિવજી, મુંડમાળા ધારણકર્તા શિવજી;
મૃત્યુંજય રોગ નાશક શિવજી, પ્રેમના ઉપાસક ભોળાનાથ શિવજી.

શિવ શિવના પ્રેમી છે શિવજી, પરમ બ્રહ્મચારી છે શિવજી;
પ્રસન્નચિત્ત આનંદી શિવજી, ભક્તો માટે વત્સલા શિવજી.

ગણેશજીના પિતાજી શિવજી, કાર્તિકેયના પિતાજી શિવજી;
મા પાર્વતીના પતિદેવ શિવજી, સર્વશક્તિમાન મહાદેવ શિવજી.

સર્વવ્યાપી ને અવિનાશી શિવજી, ગંગાધર છે દેવાધિદેવ શિવજી;
ભગીરથ પૂર્વજ તારણહાર શિવજી, નંદી પર બિરાજમાન શિવજી.

જગત આખાના ગુરુ શિવજી, પરમ અલૌકિક મહાદેવ શિવજી;
બાર જ્યોર્તિલિંગમાં સ્થિત શિવજી, સ્વયંભૂ પ્રીત પ્રસરાવતા શિવજી.
પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'
અમદાવાદ
★★★★★★

**NOGSS NO : 161**
વિષય : મહાશિવરાત્રી
શિર્ષક : તાંડવ નૃત્ય
પ્રકાર. : લેખ    શબ્દો : ૨૩૨

"હે ત્રિનેત્રધારી, જટાધારી, શંભુ,
ડમ ડમ તારું ડમરું વાગે નીરાળુ!"

દેવોના દેવ એ તો મહાદેવ જ છે. બધા જ દેવોમા સૌથી ભોળા એટલે મહાદેવ. એટલે જ સૌએ એમને ભોળા શંભુ પણ કીધા છે. ભક્તોની ભીડ ભાળીને પળવારમાં પીગળી જાય અને રીઝી જાય એવા છે આપણા શંભુ ભોલેનાથ.

આપણા શંભુનો? ગુસ્સો પણ ખતરનાક છે. સૃષ્ટિના સર્જનહાર ક્યારે વિનાશ નોતરે એ જાણી ના શકાય. ભક્તો દ્વારા કરાતી ચાલાકી, હોશિયારી, ભક્તિનો કરાતો દેખાડો અને ભક્તિની આડમાં કરાતાં ગોરખધંધાથી શંભુ જરા પણ અજાણ નથી હોતાં. પોતે સર્જેલી સૃષ્ટિ સાથે માનવી ચેડાં કરવાનું ચૂકતો નથી. એવા સંજોગોમાં શંભુનું તાંડવનૃત્ય શરુ થઈ જાય અને કહેવાતી સ્વર્ગ સમી ધરાને રસાતળ કરતાં શંભુને વાર જ ક્યાં લાગે છે ? પલકવારમાં જગતમાં હાહાકાર મચાવી દે.
ક્યાંક ગુંજતી કીલકારીઓ પળભરમાં સ્મશાનવત્ બની જાય. આ સઘળું શંભુનુ કરેલું તાંડવ જ કહી શકાય.

જ્યાં જળ છે ત્યાં સ્થળ અને જ્યાં સ્થળ છે ત્યાં જળ એ જ તો છે પ્રભુની લીલા! પ્રલયને જગાડનાર અને પ્રલયને શાંત કરનાર પણ આપણા દેવાધિદેવ મહાદેવ જ છે. એમની ત્રીજી આંખ જો ખુલે તો સમજવું કે સમાધિમાંથી જાગેલા પ્રભુનું તાંડવનૃત્ય શક્ય બની જાય. ચારે કોર પ્રલયના એંધાણ વર્તાય. પ્રભુએ માનવીને જગમાં સુકર્મ કરવા મોકલ્યા છે, દિનદુખીયાની સેવા કરવા મોકલ્યા છે, ખોબલે ખોબલે પુણ્યનો ટોપલો ભરતા રહીએ તો ત્રિનેત્ર ધારીને પોતાનું ત્રીજું લોચન ખોલવાની જરૂર જ ના પડે અને તાંડવ ની પણ જરૂર ના પડે.અસ્તુ!

ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)
★★★★★★

**NOG SS NO 166**
વિષય:-"મહાશિવરાત્રી"
શીર્ષક :- "શિવજીની ઉપાસના"
પ્રકાર. :પદ્ય. શબ્દો:- ૭૪

શિવ અને માતા પાર્વતીનો લગ્નનો દિવસ મનાય છે,
ફાગણ વદ ચૌદશના દિવસે આ ઉત્સવ ઉજવાય છે.

જ્યોર્તિલિંગ સ્વરૂપે શિવજી પ્રગટ થયાનું મનાય છે,
શિવની ઉપાસના કરવાથી ભક્તો પાપ મુક્ત થાય છે.

મહાશિવરાત્રીની જપ તપથી શિવજી પ્રસન્ન થાય છે,
આધ્યાત્મિક શક્તિઓમાં અનેકગણો વધારો થાય છે.
મહાશિવરાત્રીએ શિવ તત્વ અતિ વધુ સક્રિય થાય છે,
સમૂદ્રમંથનનું વિષપાન કરી શિવજી નીલકંઠ કહેવાય છે.

શિવજીને દૂધ, બીલીપત્ર અને ધતુરો અર્પણ કરાય છે,
"મુરલી" શિવજીની ભક્તિથી ભવસાગર પાર કરાય છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)
★★★★★★

**NOGSS NO : 158**
વિષય:મહા શિવરાત્રી
શીર્ષક: શિવ શક્તિ
પ્રકાર: પદ્ય    ??શબ્દ:૮૪

શિવ શક્તિ મિલન મહાપર્વ મહાશિવરાત્રી,
દેવોના દેવ મહાદેવની આરાધના ભક્તિ!

શિવજીનું બ્રહ્મમાંથી રૂદ્ર સ્વરૂપે થયું અવતરણ,
શિવ પૂજન નિરાકાર સ્વરૂપ પ્રતિક લિંગ પાવન

શિવ શક્તિ એક જ તત્વના છે બે મહા સ્વરૂપ,
શિવજી પરમ પ્રકાશ શક્તિ છે ચૈતન્ય સ્વરૂપ!

શિવ નર ધોતક પાર્વતી શક્તિ નારી ધોતક,
શિવ શંકર પાર્વતી શક્તિ અન્યોન્ય પુરક!

'પ્રેમ' શિવ હ્રદય સ્વયંભૂ શંભુ જ્યોતિ સ્વરૂપ,
શક્તિ મસ્તિક સરસ્વતી મહા લક્ષ્મી સ્વરૂપ!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'
(આદરીયાણા- સુરેન્દ્રનગર)
★★★★★★

**NOG SS NO -162**
વિષય- મહાશિવરાત્રી
શીર્ષક-કૈલાશમા ડમરુ ડમ ડમ વાગે
પ્રકાર- ગધ ,શબ્દ- ૧૧૧

નંદીના કાનમાં કેમ બોલાય છે
શિવજી હમેશાં તપસ્યા માં મગ્ન રહે છે
તેમની તપસ્યા ભંગ ન થાય તે માટે નંદી ત્યાં હાજર હોય છે
એટલે નંદી ના કાનમાં આપણી ઈચ્છા
બોલવાથી નંદી તેને શિવજી સુધી પહોંચાડે છે
નંદી માત્ર શિવજીનુ વાહન માનવામાં આવતું નથી પરંતુ નંદી મહાદેવ ના ભક્ત પણ છે
નંદી ને નિર્દોષ જીવ માનવામાં આવે છે તેમના સરળ વર્તન ને કારણે નંદી શિવ ને ખૂબ પ્રિય છે
ત્યાં રે રાવણ પોતાને મહાદેવ નો ભક્ત ગણાવતા રાવણ કૈલાશ પર્વત પર ચડ્યો ત્યારે શિવ તપસ્યા માં મગ્ન હોવાથી નંદી એ રાવણ ને રોક્યો
પરંતુ અહંકાર માં મગ્ન રાવણ ગુસ્સે થયો કારણ કે તે પોતાને સૌથી મોટો શિવ ભક્ત માનતો હતો
ત્યારે નંદી ને કહ્યું મારે વાનર જેવા ચહેરા વાળા માણસ સાથે વાત કરવી નથી
મને ખબર નથી કે તમે મનુષ્ય છો કે પ્રાણી આ છે અહંકારી રાવણ
ત્યારે કૈલાશ માં ડમરુ ડમ ડમ વાગે સુતેલા ત્રણ લોક જાગે રે ડમરું ડમ ડમ વાગે..!
-રેખા રસિક નાકરાણી (મુંબઈ)

# ગાંધીનગરને ડમ્પિંગ સાઇટના કચરામાંથી મુક્તિ:કચરાના ડુંગરો હટાવી ૧૦ એકરમાં મિયાવાકી જંગલ વિકસાવાશે, ભીના કચરામાંથી ૧૧ લાખ કિલો ખાતર બનાવાયું







ગાંધીનગરના સેક્ટર-૩૦માં છેલ્લા ૧૫ વર્ષથી ખડકાયેલા કચરાના નિકાલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૈજ્ઞાનિક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૩.૮૫ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટનો સફળતાપૂર્વક નિકાલ કરી ૧૦ એકર કિંમતી જમીન પુનઃ પ્રાપ્ત કરવામાં આવી છે. આ ખાલી થયેલી જમીન પર તંત્ર દ્વારા ૪૦,૦૦૦ વૃક્ષોના વાવેતર સાથે હરિયાળું વન ઉભું કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

સ્વચ્છતા અને હરિયાળી માટે જાણીતા પાટનગર ગાંધીનગરે ફરી એકવાર પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શહેરની સેકટર-૩૦ સ્થિત ડમ્પિંગ સાઈટ જે વર્ષોથી કચરાના ઢગલાઓથી ઘેરાયેલી હતી તેને હવે નવજીવન મળવા જઈ રહ્યું છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી અંદાજે ૩.૮૫ લાખ મેટ્રિક ટન લેગસી વેસ્ટનો સફળતાપૂર્વક નિકાલ કરી દેવામાં આવ્યો છે. આ કામગીરીના પરિણામે ડમ્પિંગ સાઈટ પરની ૧૦ એકર કિંમતી જમીન કચરામુક્ત બની છે.

આ સ્થળ પર હવે મિયાવાકી પદ્ધતિથી ૪૦,૦૦ જેટલા વૃક્ષો ઉછેરવામાં આવશે. જે શહેરની હવાની ગુણવત્તા સુધારવામાં મહત્વનો ફાળો આપશે. મિયાવાકી એક એવી જાપાનીઝ પદ્ધતિ છે જેમાં ઓછી જગ્યામાં ખૂબ જ ઝડપથી અને ગીચ જંગલનું નિર્માણ કરી શકાય છે.આ અંગે સૂત્રોએ કહ્યું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને માત્ર કચરાનો નિકાલ જ નથી કર્યો પરંતુ તેને આવકના સ્ત્રોતમાં પણ ફેરવી નાખ્યો છે. વેસ્ટ કન્વર્ટર મશીન અને વર્મીકમ્પોસ્ટ પદ્ધતિ દ્વારા અત્યાર સુધીમાં ૧૧.૫૧ લાખ કિલોથી વધુ ગુણવત્તાયુક્ત ખાતર બનાવવામાં આવ્યું છે. આ ખાતરનું વેચાણ મ્યુનિસિપલ હસ્તકની નર્સરીઓ દ્વારા કરવામાં આવ્યું છે.એજ રીતે પર્યાવરણ માટે સૌથી મોટો પડકાર મનાતા પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ માટે પણ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન એકત્ર કરાયેલા અંદાજે ૧.૨૭ લાખ કિલો પ્લાસ્ટિક કચરાને રિસાયકલ કરી તેનો ઉપયોગ હવે બાંધકામ ક્ષેત્રે કરવામાં આવશે. કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ આ પ્લાસ્ટિક વેસ્ટ પ્રોસેસિંગ બાદ ખાનગી અને સરકારી ઈમારતોના નિર્માણ કાર્યોમાં વપરાશે.આ પગલાથી પ્લાસ્ટિકના કારણે થતું પ્રદૂષણ ઘટશે અને બાંધકામમાં પણ નવી ટેકનોલોજીનો ઉપયોગ વધશે. આમ ગંદકીના ઢગલામાંથી હરિયાળી તરફનું આ પ્રયાણ શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે સુખદ પરિવર્તન લાવશે.

# જનતાના અવાજ અને વિપક્ષના આક્રમક તેવર સામે તંત્ર ઝૂક્યું; વર્ષોથી બંધ વઘઈ-ભેડમાળ બસ સેવા આખરે શરૂ




ડાંગ: જિલ્લાના વઘઈ તાલુકાના અંતરિયાળ વિસ્તાર ગણાતા વઘઈ થી ભેડમાળ જતી એસ.ટી. બસ સેવા છેલ્લા કેટલાય વર્ષોથી બંધ હાલતમાં હતી. આ મામલે સ્થાનિકોએ સત્તાધારી પક્ષ પાસે અનેક આશાઓ રાખી હતી, પરંતુ નિરાશા સાંપડતા અંતે લોકોએ વિરોધ પક્ષના નેતૃત્વમાં પોતાની માંગ બુલંદ કરી હતી. જેનું સુખદ પરિણામ આવતા આજથી આ રૂટ પર બસ સેવા પુનઃ કાર્યરત કરવામાં આવી છે .?વિપક્ષની ધારદાર રજૂઆત: પૂર્વ ધારાસભ્ય મંગળભાઈ ગાવિતે લોકોની હાલાકીને સમજીને આ પ્રશ્ને મેદાનમાં ઉતર્યા હતા. તેમણે એસ.ટી. નિગમને લેખિતમાં રજૂઆત કરી સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો ટૂંક સમયમાં બસ સેવા શરૂ કરવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

?તંત્રની પીછેહઠ: વિપક્ષના આક્રમક વલણ અને આંદોલનની ચીમકીને પગલે એસ.ટી. તંત્ર સફાળું જાગ્યું હતું. નિગમે લેખિતમાં ખાતરી આપ્યા બાદ આખરે બસ દોડતી કરી છે.

?સત્તાધારી પક્ષ પર સવાલ: આશ્ચર્યની વાત એ છે કે આ જ વિસ્તારમાંથી જિલ્લા પ્રમુખ અને તાલુકા પંચાયતના પ્રમુખ જેવા દિગ્ગજ નેતાઓ આવતા હોવા છતાં વર્ષોથી આ સેવામાં કોઈ સુધારો થયો નહોતો.

?જનતામાં ખુશી, પણ સત્તાધીશો સામે રોષ

?બસ સેવા શરૂ થતા જ ભેડમાળ અને આસપાસના ગ્રામજનોમાં ખુશીની લહેર જોવા મળી છે. જોકે, સ્થાનિકોમાં એક ચર્ચાએ જોર પકડ્યું છે કે, ×જો વિપક્ષમાં રહીને મંગળ ગાવિત લોકોની આટલી ચિંતા કરી શકતા હોય, તો સત્તામાં બેઠેલા નેતાઓ કેમ કુંભકર્ણની નિદ્રામાં હતા?×

**"લોકોના હિત માટે લડવું એ અમારી ફરજ છે. તંત્રએ જનતાની સુખાકારી જોવી જોઈએ, નહીં કે આંદોલનની રાહ જોવી જોઈએ. આજે બસ શરૂ થઈ એ જનતાની જીત છે."**

**મંગળ ગાવિત (પૂર્વ ધારાસભ્ય, ડાંગ)**



**કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઈ સી. પટેલ ,વાસદ /`જીછ, અમરદીપ યુવક મંડળના શ્રીમતિ કામિનીબેન દિલીપભાઈ પટેલ , અતિથિ વિશેષ શાંતિકાકા ( સામાજીક કાર્યકર ) શ્રી ચંદ્રવદન મણિભાઈ પટેલ - ભાદરણ /`જીછ , દિલીપભાઈ એમ. પટેલ / , શ્રીમતિ પલ્લવીબેન ઉમેશભાઈ પટેલ , નિખિલભાઈ કાંતિભાઈ પટેલ , સલાહકાર સભ્ય શ્રી શંકરલાલ મંડોરા , કૃષ્ણકાંત જી. શાહ , નિવૃત ઈન્કમટેક્ષ ઓફિસર ડૉ. ભીખુભાઈ પ્રજાપતિ , સુનિલભાઈ એન. પટેલ , મોગરીનું પ.પૂ. મોરારીદાસજી મહારાજ , દલસુખભાઈ પ્રજાપતિ અને લા. દિપકભાઈ શાહે ઉપરણાથી સન્માન કર્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના મહિલા સમિતિના સભ્ય શ્રીમતિ જ્યોત્સનાબેન દિપકભાઈ શાહ , શ્રીમતિ ગીતાબેન એચ. શુકલ, ડૉ. કાજલ નિર્મલા ભરત રાવ , ડૉ. ઈલાબેન પરમાર , શ્રીમતિ મનિષાબેન સોલંકી તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. સંસ્થા દ્વારા નવયુગલો ને સોના - ચાંદી ના ઘરેણા તેમજ કરિયાવર આપવામાં આવ્યુ હતું.**

# ગાંધીનગર તાલુકામાં "આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ-૨૦૨૬" અંતર્ગત ૧૦૦થી વધુ આંગણવાડીઓ સુવિધાયુક્ત બની

રાજ્ય સરકાર દ્વારા આઈ.સી.ડી.એસ. અંતર્ગત ચાલતા આંગણવાડી કેન્દ્રોને વધુ સુવિધાયુક્ત અને આકર્ષક બનાવવાના હેતુથી સમગ્ર રાજ્યમાં આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ-૨૬ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે ગાંધીનગર તાલુકામાં ભૂલકાંઓને ઉત્સાહપૂર્ણ રંગીન વાતાવરણમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ મળી રહે તે માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.




ગાંધીનગર તાલુકામાં આંગણવાડીઓના આધુનિકરણ માટે હાથ ધરાયેલી આ ઝુંબેશ હેઠળ સઘન કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ૧૦૦ આંગણવાડીઓમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અન્ય આંગણવાડી કેન્દ્રોમાં નવીનીકરણ અને સુધારણાની કામગીરી ખૂબ જ ઝડપથી પ્રગતિ હેઠળ છે.

આ ઝુંબેશ હેઠળ આંગણવાડીઓમાં કલરકામ, શૈક્ષણિક ચિત્રકામ, થીમ વાળા ચિત્ર તેમજ બાળકોની સલામતી અને સુખાકારી માટે દરવાજાની જાળી, નવા શૌચાલય, શોષખાડા અને પીવાના પાણી જેવી પાયાની જરૂરીયાતો પૂરી પાડવામાં આવી રહી છે. બાળકોને આંગણવાડીના રંગીન વાતાવરણ પ્રત્યે રૂચિ જાગે અને તેઓ હસતા-રમતા પોતાનું પ્રારંભિક શિક્ષણ પૂરૂં કરે તેવા સરકારશ્રીના આશયને પરિપૂર્ણ કરવા માટે ગાંધીનગર તાલુકાની આઈ.સી.ડી.એસ. ટીમ સતત કાર્યરત છે.




અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાની.. દ્વારા આજે બજેટ રજૂ કરવામાં આવ્યો અમદાવાદ. સ્ટેડિયમ સર્કલ પાસે આવેલ સ્પોર્ટ ક્લબમાં પ્રેસ કોન્ફરન્સ રાખવામાં. આવેલ..

# ગિરનાર રોપ વેના ટિકિટના ભાવમાં રૂ. ૬૯નો ઘટાડો

જૂનાગઢ

જૂનાગઢમાં આગામી મહાશિવરાત્રીના મેળાને લઈને ગિરનાર રોપ-વે દ્વારા શ્રદ્ધાળુઓ માટે એક મહત્વની અને આનંદની જાહેરાત કરવામાં આવી છે. મેળા દરમિયાન આવતા લાખો ભક્તો ગિરનાર મહાદેવના દર્શન સરળતાથી કરી શકે તે હેતુથી રોપ-વેની ટિકિટના દરમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવાયો છે. ગિરનાર રોપ-વે મેનેજમેન્ટ દ્વારા લેવાયેલા નિર્ણય મુજબ, રોપ-વેની ટિકિટના ભાવમાં રૂ.૬૯નો ઘટાડો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી જે ટિકિટનો દર રૂ. ૬૯૯ હતો, તે હવે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે માત્ર રૂ. ૬૩૦માં ઉપલબ્ધ થશે. આ રાહત દરને કારણે ૧૧થી ૧૫ ફેબ્રુઆરી સુધી સામાન્ય શ્રદ્ધાળુઓના ખિસ્સા પરનો બોજ ઘટશે. ટિકિટ દરમાં કરવામાં આવેલો આ ઘટાડો મર્યાદિત સમય માટે અમલી રહેશે. આગામી તારીખ ૧૧થી ૧૫ ફેબ્રુઆરી સુધી, એમ કુલ પાંચ દિવસ સુધી આ ઘટાડેલા ભાવ લાગુ રહેશે. આ સમયગાળા દરમિયાન મેળામાં આવતા હજારો ભક્તો આ સુવિધાનો લાભ લઈ શકશે. મહાશિવરાત્રીના મેળામાં દર વર્ષે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ગિરનારની સીડીઓ ચઢવામાં અસમર્થ એવા વૃદ્ધો અને બાળકો માટે રોપ-વે આશીર્વાદ સમાન છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ લોકહિતના નિર્ણયથી ગિરનાર જનાર ભક્તોમાં ભારે આનંદની લાગણી જોવા મળી રહી છે. જ્યારથી રોપ-વે શરૂ થઈ છે, ત્યારથી ગિરનાર પર્વત પર દર્શનાર્થે આવતા ભાવિકોની



સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો છે. રોપ-વેની આશરે ૧૦ મિનિટની સફર પ્રવાસીઓ માટે રોમાંચક બની રહી છે. પ્રવાસીઓ ઊંચાઈએથી પ્રકૃતિ અને પરમેશ્વરનો સમન્વય માણવા ગિરનાર આવી રહ્યા છે.

# ૧૧૪ આઉટસોર્સિંગ કર્મીઓને છૂટા કરાયા છતાં પગાર ખર્ચ ૨૮ કરોડ

મહાનગરપાલિકા દ્વારા વર્ગ-૩માં આઉટસોર્સિંગથી ફરજ બજાવતા ક્લાર્ક સંવર્ગના ૧૧૪ કર્મચારીઓને એકસાથે ૧ નવેમ્બરથી છૂટા કરવામાં આવ્યા છે. જેના પરિણામે આઉટસોર્સિંગનો ખર્ચ ઘટવાની શક્યતા હતી પરંતુ આશ્ચર્યજનક રીતે આઉટસોર્સિંગનો ખર્ચ બજેટ જોગવાઇ સામે ૭ કરોડ વધ્યો છે. જેથી રીવાઇઝ બજેટમાં આરકમની જોગવાઇ કરવી પડી છે. કાયમી કર્મચારીઓ આવ્યા બાદ બમણા પગાર ખર્ચના ભારણનું કારણ આપીને મહાપાલિકાએ આઉટસોર્સ કર્મીઓને છૂટા કર્યા હતા પરંતુ નવેમ્બરથી ૧૧૪ કર્મચારીઓના પગારનું ભારણ બંધ થઇ ગયું છે છતાં આઉટસોર્સ કર્મીઓના પગાર ખર્ચ પેટે ૭ કરોડ રૂપિયા અંદાજ સામે વધ્યા છે. એટલું જ નહીં નવી ભરતી થવાથી અન્ય સંવર્ગના આઉટસોર્સિંગ કર્મચારીઓને પણ તબક્કાવાર છૂટા કરવાનું આયોજન છે. જેથી નવા નાણાકીય વર્ષમાં પગાર ખર્ચમાં ઘટાડો થવો જોઇએ પરંતુ મ્યુનિસિપલ કમિશનરે તૈયાર કરેલા બજેટમાં આઉટસોર્સિંગ કર્મીઓના પગાર ખર્ચમાં વર્ષ ગત જોગવાઇ સામે પણ ૩ કરોડની વધુ જોગવાઇ કરાઇ છે. આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા આઉટસોર્સિંગ સિક્યોરીટી ગાર્ડના ખર્ચમાં પણ ધરખમ વધારો કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની કચેરી, મેયર- કમિશનર બંગલો, બાગ- બગીચા અને જાહેર સ્થળોએ પાર્કિંગ સહિતની કામગીરી માટે સિક્યોરિટી ગાર્ડ મૂકવામાં આવ્યા છે. જેનો ૯ કરોડ રૂપિયાનો વાર્ષિક ખર્ચ આવ્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં પણ ૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બીજીતરફ ભરતી ખર્ચમાં જોગવાઇ સામે ૫૦ ટકાનો ઘટાડો થયો છે. વર્ષ દરમિયાન વિવિધ સંવર્ગની જગ્યાઓની મોટી સંખ્યામાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવા છતાં બજેટમાં ભરતી ખર્ચ પેટે કરાયેલી ૪ કરોડની જોગવાઇમાંથી વર્ષ દરમિયાન ૨ કરોડનો ખર્ચ થયો છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પાછળ ઠેલાઈ શકે!



ગાંધીનગર

ગુજરાતના રાજકીય અને વહીવટી વર્તુળોમાં આગામી મહિનાઓ માટે મહત્વના ફેરફારના સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં 'મિની વિધાનસભા' તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ હવે સમયસર યોજાવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

પરિણામે અમદાવાદ સહિત રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ. ૮૦ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૧૮૦થી વધુ તાલુકા પંચાયતોમાં તાત્કાલિક સમયગાળા માટે વહીટદાર રાજ લાગુ થવાની પ્રબળ શક્યતા ઉભી થઈ છે. મુખ્ય કારણ તરીકે સીમાંકન, અનામત બેઠકોનું પુનઃનિર્ધારણ અને મતદાર યાદીની અંતિમ પ્રક્રિયામાં વિલંબ સામે આવી રહ્યો છે. ખાસ કરીને આ વખતે ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ અને વસ્તી ગણતરીના આધારે બેઠકો ફાળવવાની પ્રક્રિયા હજી પૂર્ણ ન થતાં ચૂંટણીની સમયરેખા આગળ ખસતી જાય છે. નવરચિત મહાનગરપાલિકાઓમાં વોર્ડ રચના અને વહીવટી માળખું ગોઠવવામાં પણ નોંધપાત્ર સમય લાગી રહ્યો છે. વહીવટી સૂત્રોના જણાવ્યા મુજબ, હાલની ચૂંટાયેલી પાંખોની મુદત પૂર્ણ થતા જ રાજ્ય સરકાર દ્વારા આ તમામ સંસ્થાઓમાં કલેક્ટર અથવા ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓને વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવશે. આ દરમિયાન નીતિગત અને વિકાસલક્ષી મોટા નિર્ણયો પર અણૌપચારિક બ્રેક લાગશે, જયારે રોજિંદા અને આવશ્યક વહીવટી કામકાજ અધિકારીઓના હસ્તક ચાલતું રહેશે.

પરિસ્થિતિને વધુ જટિલ બનાવતું એક મહત્વનું પરિબળ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલો મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ છે. હાલ ગુજરાત સહિત દેશના ૧૨ રાજ્યોમાં આ વિશેષ અભિયાન ચાલી રહ્યું છે. અમદાવાદ સહિત રાજ્યની તમામ ૧૭ મહાનગરપાલિકા, ૮૦ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને લગભગ ૧૮૦ તાલુકા પંચાયતોની ચૂંટણી નવી અને અંતિમ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ જ યોજી શકાય તેવો કાનૂની બંધારણ છે. ચૂંટણી પંચના કાર્યક્રમ અનુસાર, મતદાર યાદીમાંથી નામ કમી કરવા કે સુધારવા સંદર્ભે આવેલી અરજીઓ પર હાલમાં પ્રક્રિયા ચાલી રહી છે અને ૧૭ ફેબ્રુઆરીએ સુધારેલી મતદાર યાદી જાહેર થવાની છે. ત્યાં સુધી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવી શક્ય નથી. આ ઉપરાંત ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓ તેમજ ત્યારબાદ શાળાઓની આંતરિક પરીક્ષાઓ શરૂ થતી. હોવાથી ચૂંટણી આયોજન વધુ મુશ્કેલ બન્યું છે. આ તમામ પરિસ્થિતિ વચ્ચે ૯ માર્ચના રોજ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તમામ જિલ્લાકક્ષાના કલેક્ટરો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. આ બેઠકમાં ચૂંટણીના સંભવિત સમયપત્રક, વહીવટદાર રાજની અવધિ અને તબક્કાવાર ચૂંટણી અંગે ચર્ચા થવાની શક્યતા છે.

**Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat**